મોટું દ્વાર છે તેથી તેનો પણ આ કાર્યક્રમમાં સમાવેશ કરવો જોઈએ.

બીજા માનવીઓ સાથે તથા કુદરત સાથે સંવાદપૂર્ણ જીવન એ પણ એક મૂલ્ય છે. તેથી પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે છે. તેથી તેનો પણ આ કાર્યક્રમમાં સમાવેશ કરવો જોઈએ.

1. મૂલ્ય શિક્ષણ દ્વારા ચારિત્ર્ય ઘડતર માટે કયા કયા શૈક્ષણિક કાર્યક્રમો અપનાવી શકાય ? યાદી આપો.

3. "માતા દ્વારા મળેલ શિક્ષણની સરખામણીમાં અન્ય દ્વારા મેળવેલું આજીવન શિક્ષણ એકડા વિનાનાં મીંડા જેવું ગણી શકાય." કઈ રીતે ?

➲ નીચે આપેલા ફકરાને આધારે તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

'બોલતાં પણ ન આવડતું હોય એવા બચ્ચાને તેની મા એક ભાષા શીખવી દે છે. આ રીતે તે શૂન્યમાંથી એક પેદા કરી દે છે. તમે પછી ભલે એકના દસ કરો કે સો કરો કે હજાર કરો. એટલે કે તમે એકના દસ ગણા કર્યા કે સો ગણા કર્યા. પરંતુ શૂન્યમાંતી જેણે એક કર્યો, તેણે તો અનંતગુણં કર્યું ! ભગવાનની યોજના મુજબ દરેક મા બે–અઢી વરસ સુધી એકદમ એકાગ્ર થઈને એક બાળકને શિક્ષણ આપે છે, અને તે અત્યંત મૂલ્યવાન હોય છે. મારો તો એવો અનુભવ છે કે મારી માએ મને જેટલું શીખવ્યું. તેનાથી વધારે મને બીજા કોઈએ નથી શીખવ્યું. ત્યાર બાદ મેં કાંઈ ઓછું જ્ઞાન નથી મેળવ્યું, તેમ છતાં હું આવું કહું છું.'

મા કેવળ માતૃભાષા જ નથી શીખવતી. એ પ્રેમની ભાષા પણ શીખવે છે. પ્રેમને માટે ત્યાગ કરવો પડે છે. મા એવો ત્યાગ કરી દેખાડે છે, અને પ્રેમ શીખવે છે. આવી પ્રેમની મફત તાલીમ જો દરેક મા ન દેતી હોત અને તેની જવાબદારી સરકારના માથે આવી પડતી, તો ખબર નહીં, કેટલો ખર્ચ થાત. અને આટલો ખર્ચ કરવા છતાં દરેકે દરેકને સરખી રીતે પ્રેમની તાલીમ મળત કે કેમ. એ પણ સવાલ છે.

— # — # —